**અગ્રતાક્રમ :** ૨૩

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૦૧૬

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૧૯/૦૨/૨૦૨૪

પંદરમી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

**પ્રશ્નનુ શિર્ષક :**

**અમદાવાદમાં ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી અને તેમનો મત વિસ્તાર:

**શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા)**

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નો | જવાબ પાના નંબર |
| --- | --- | --- |
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન. ૧ ધારાસભ્યશ્રી – શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા)** ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન બનાવવાનો હેતુ શું છે ? | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન. ૨ ધારાસભ્યશ્રી –** ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝિયમ, ઈ–લાયબ્રેરી અને મલ્ટીમીડીયા બનાવવા અંગેની કામગીરી કેટલા ફેઝમાં કરવામાં આવનાર છે ? અને ફેઝવાઈઝ કેટલી રકમ મંજૂર થયેલ છે ? | 5 |
| | **પૂરક માહિતી** | |
| ૪.૧ | **ડાૅ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદની પૂરક નોંધ** | 6 |

# 23

**અમદાવાદમાં ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન**

*15/4/2016 : **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન ક્યારે અને ક્યા ઉદ્દેશથી બનાવવામાં આવેલ છે, | (૧) | • અમદાવાદ શહેરમાં રાણીપમાં આવેલ ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન તા.૧૪/૦૪/૨૦૦૭ના રોજ બનાવવામાં આવેલ છે અને<br>• ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનો ઉદ્દેશ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનને લગતી બાબતોને સાંકળવા તથા અનુસૂચિત જાતિ સહિતના વંચિતવર્ગોના ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા તથા સામાજિક સમરસતા ફેલાવવાનો છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત ફાઉન્ડેશનમાં ક્યા કામો બાકી છે, | (૨) | ફેઝ–૩ (છેલ્લો ફેઝ)ની કામગીરી બાકી છે. |
| (૩) | ઉક્ત કામો કરવાના બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) | ફેઝ–૩માં કેમ્પસ ડિઝાઈન, પ્લાન, લે–આઉટ આખરી કરવાની કામગીરી તેમજ કમ્પાઉન્ડ વૉલ, પેવર બ્લોક અને પ્લીન્થ પ્રોટેક્શન અંગેની વધારાની કામગીરી કરવાની બાકી હોવાથી. |
| (૪) | ઉક્ત કામો ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૪) | નિયમોનુસારની ટેન્ડર પ્રક્રિયા કરી બનતી ત્વરાએ કામગીરી પુર્ણ કરવામાં આવશે. |

| અગ્રતા ક્રમ – ૨૩ પૂરક પ્રશ્ન. ૧<br>પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) |
|---|
| **પૂરક પ્રશ્ન–: ૧** **ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન બનાવવાનો હેતુ શું છે ?** |
| **જવાબ: માન. અધ્યક્ષશ્રી,**<br><br>ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશનનો ઉદ્દેશ ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનને લગતી બાબતોને સાંકળવા તથા અનુસૂચિત જાતિ સહિતના વંચિત વર્ગોના ઉત્કર્ષની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા તથા સામાજિક સમરસતા ફેલાવવાનો છે. |

| |
|---|
| **અગ્રતાક્રમ– ૨૩ પૂરક પ્રશ્ન. ૨**<br><br>**પુછનાર ધારાસભ્યશ્રી :** |
| **પૂરક પ્રશ્ન–:૨ ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝિયમ, ઈ–લાયબ્રેરી અને મલ્ટીમીડીયા બનાવવા અંગેની કામગીરી કેટલા ફેઝમાં કરવામાં આવનાર છે ? અને ફેઝવાઈઝ કેટલી રકમ મંજૂર થયેલ છે ?** |
| **જવાબ :– માન.અધ્યક્ષશ્રી,**<br><br>ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝિયમ, ઈ–લાયબ્રેરી અને મલ્ટીમીડીયા બનાવવા અંગેની કામગીરી કુલ – ૩ ફેઝ માં કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ ફેઝની કામગીરી માટે રૂ.૨૦૦.૦૦ લાખ, બીજા ફેઝની કામગીરી માટે રૂ.૨૨૦.૦૦ લાખ અને ત્રીજા ફેઝની કામગીરી માટે રૂ.૩૧૫.૦૦ લાખ એમ મળી કુલ રૂ.૭૩૫.૦૦લાખની રકમ મંજૂર થયેલ છે. |

| પુરક માહિતી |
| --- |
| **ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદની પૂરક નોંધ** |

❖ **હેતુ –:**

➢ સરકારશ્રીના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૬/૦૭/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક–બસઉ–૧૫૯૫–૧૪૫–૨થી ભારતના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરના જન્મ શતાબ્દી ઉજવણી કરવા માટે જિલ્લા કક્ષાએ ડૉ.આંબેડકર ભવનો બાંધવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રિય ફાઉન્ડેશન બાંધવાનો સરકારે નિર્ણય કરેલ છે. જેમાં સભાગૃહ, બે બહુહેતુક સભાગૃહો, પુસ્તકાલય, સંગ્રહાલય અને અતિથિગૃહની સુવિધાઓનો સમાવેશ કરેલ છે. તથા આ હેતુ માટેવર્ષ– ૨૦૦૪–૦૫માં રૂ.૧.૩૨ કરોડની નવી બાબત મંજુર કરવામાં આવેલ જેમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર લીખીત પુસ્તકો તથા તેમના વિશે પ્રકાશિત થયેલ સાહિત્યની એક લાયબ્રેરી, અનુસૂચિત જાતિઓ સહિત નબળા વર્ગના ઉત્કર્ષ માટેની પ્રવૃત્તિઓ માટે,સામાજિક ન્યાયનું કેન્દ્ર બની રહે તે માટે, સામાજિક અને સાંસ્કૃતિક સંમેલનો / કાર્યક્રમો / સમારંભોની ઉજવણી માટે, પુસ્તકાલયના માધ્યમથી ઉચ્ચ કારકીર્દીના ઘડતરમાં મદદરૂપ થવા માટે, ડૉ.બાબાસાહેબ આંબેડકરના જીવનને લગતી બાબતોને સાંકળી મ્યુઝીયમ બનાવવા સહિતનું આયોજન કરવામાં આવ્યું.

**જમીન :–**

- કલેકટરશ્રી, અમદાવાદના તા.૧૩/૦૯/૨૦૦૨, હુકમ ક્રમાંક–સીબી/જ–૧/૫૩૧થી ૮૪૦૮.૦૦ ચો.મી જમીન ફાળવવામાં આવેલ છે.

- **લોકાર્પણ :–**
  - ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રિય ફાઉન્ડેશન, રાણીપનું મ્યુઝિયમ બિલ્ડીંગનું લોકાર્પણ તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદહસ્તે તા.૧૪/૦૪/૨૦૦૭ના રોજ થયેલ.

- **મ્યુઝિયમ, ઇ–લાયબ્રેરી અને મલ્ટીમીડીયા બનાવવા અંગેના પ્રથમ, બીજા અને ત્રીજા ફેઝની કામગીરી માટે થયેલ નાણાકીય જોગવાઇ :–**
  - સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૧૬/૩૭૩૪૬/ગ તા.૦૭/૦૭/૨૦૧૬ થી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઈ–લાયબ્રેરી બનાવવા પ્રથમ ફેઝની કામગીરી માટે રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી મળેલ છે.

  - સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૧૬/૫૭૨૦૭૮/(નબા–૨)ગ તા.૧૧/૦૪/૨૦૧૭ થી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતે ઈ–લાયબ્રેરી અને મલ્ટીમીડીયા બનાવવા બીજા ફેઝની કામગીરી માટે રૂ.૨૨૦.૦૦ લાખની વહીવટી મંજુરી મળેલ છે. અને ત્રીજા ફેઝની કામગીરી માટે

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૧૭/૬૪૩૦૩૫(નબા–૦૫)/ગ તા.૦૯/૦૪/૨૦૧૮થી ડૉ.આંબેડકર ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઈ–લાયબ્રેરી અને કેમ્પસ ડીઝાઈન અને કન્સલ્ટન્ટ ફી અંગેની ત્રીજા ફેઝની કામગીરી માટે રૂ.૩૧૫.૦૦ લાખની વહીવટી મંજૂરી મળેલ છે. ફેઝ – ૧ અને ફેઝ – ૨ ની કામગીરી વામા કોમ્યુનિકેસન્સ, અમદાવાદ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

- અત્યાર સુધીમાં રૂા.૩,૯૯,૧૬,૪૧૪/–(અંકે રૂપિયા ત્રણ કરોડ નવ્વાણું લાખ સોળ હજાર ચારસો ચૌદ પુરા)નો ખર્ચ કરવામાં આવેલ છે જેમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **ફેઝ–૧ પૂર્ણ થયેલ કામગીરી – Museum design** |
|---|---|
| 1 | Preparing detail plan of Museum Design work |
| 2 | Photographic collection & Documentation. |
| 3 | Information & Broad casting's Dept. Govt of India Collecting information & Resource, Photographs, Videos, Films, Books, Articles & Speeches. |
| 4 | Script preparing for life of Dr.Babasaheb Ambedkar. |
| 5 | Preparing Visual display panels, 2D, 3D models, Murals, Cutout, Scrollers, Photographs, Text & Translight etc. |
| 6 | Preparing interiors related Museum flow. |
| 7 | Change in Ground floor inside building of Museum as per layout of Museum requirement. |
| 8 | Museum will talk about Birth of Dr.Ambedkar to Nirvan (Death) |

| ક્રમ | **ફેઝ–૨ માં પૂર્ણ થયેલ કામગીરી – e Library and Multimedia (1st floor)** |
|---|---|
| 1 | IP based Closed –Circuit TV Surveillance Solution |
| 2 | E-Library (1 Server with 5 person on Local Area Network) |
| 3 | Multi-media display and Touch screen based interactive kiosk (4.Nos.) |
| 4 | Interior of Multi-media & Library. |

| ક્રમ | **ફેઝ–૩માં કરવાની થતી કામગીરી – Museum campus design** |
|---|---|
| 1. | Museum front elevation (exterior) with modern look related to subject made of metal & paint. Museum back side is only Paint. |
| 2. | Outdoor LED screen for 24c7 projection of Film fixed on front part of Museum Size : 12 X 16 approx |
| 3. | Sculpture of personalities associated with Dr.Babasaheb Ambedkar<br>• Human Size 9 Sculptures made of FRP Saint Ravidas, kabir, Sayajirao Gaekwad, Chhatrapati Sahuji, Buddha, Savitribai, Mahatma Phule, Vir Meghmaya.<br>• 3 Murals of different size made of FRP related to Social, Political & Economical work done by Dr.Ambedkar. |
| 4. | Museum building exterior night decorative lighting |
| 5. | Landscape design related to Subject. |
| 6. | Main Gate made of Metal / FRP / Stone related based on Buddhist architecture Sanchi Stupa. |
| 7. | Railing front elevation side of Museum made of metal & Paint Based on Buddhist Symbol & Pattern |
| 8. | Water Screen / Fountain like Waterfall |
| 9. | Artidfacts & bookshop relate to Dr.Ambedkar & Security Cabin |

- ડૉ.બાબાસાહેબ આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે ફેઝ – ૩માં કેમ્પસ ડિઝાઈન, પ્લાન, લે–આઉટ આખરી કરવાની કામગીરી તેમજ વધારાની કામગીરી જેવી કે કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક, પ્લીન્થ પ્રોટેકશન, ઓપન એર થિયેટર અંગેની રીનોવેશનની કામગીરી માટે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા નવા S.O.R વર્ષ ૨૦૨૩–૨૪ મુજબ કુલ રૂા.૨,૮૨,૬૫,૬૦૦/– (અંકે રૂપિયા બે કરોડ બ્યાંસી લાખ પાંસઠ હજાર છસો પુરા)ના સુધારેલ અંદાજો અત્રે મોકલી આપેલ છે. જેની સુધારેલી વહીવટી મંજૂરી મેળવવા માટે આ કચેરીના તા.૧૨/૧૨/૨૦૨૩ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે હાલમાં વિભાગમાં કાર્યવાહી હેઠળ છે.

## પ્રથમ, બીજા અને ત્રીજા ફેઝ અંગે મંજૂર થયેલ રકમ પૈકી થયેલ ખર્ચ અને બચત રહેલ રકમની વિગતો

| ક્રમ | મંજૂર થયેલ રકમ | થયેલ ખર્ચ | બચત રહેલ રકમ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ ફેઝ – રૂા.૨૦૦.૦૦ લાખ | રૂા.૩,૯૯,૧૬,૪૧૪/– | રૂા.૨૦,૮૩,૫૮૬/– |
| ૨ | બીજો ફેઝ – રૂા.૨૨૦.૦૦ લાખ | | |
| **કુલ** | **રૂા.૪૨૦.૦૦ લાખ** | **રૂા.૩,૯૯,૧૬,૪૧૪/–** | **રૂા.૨૦,૮૩,૫૮૬/–** |
| ૩ | ત્રીજો ફેઝ – રૂા.૩૧૫.૦૦ લાખ | રૂા.૬,૫૪,૯૦૦/– | રૂા.૩,૦૮,૪૫,૧૦૦/– |
| **કુલ** | **રૂા.૩૧૫.૦૦ લાખ** | **રૂા.૬,૫૪,૯૦૦/–** | **રૂા.૩,૦૮,૪૫,૧૦૦/–** |
| **કુલ** | **રૂા.૭૩૫.૦૦ લાખ** | **રૂા.૪,૦૫,૭૧,૩૧૪/– થયેલ ખર્ચ** | **રૂા.૩,૨૯,૨૮,૬૮૬/– રહેલ બચત** |